# **ઓનલાઇન જિલ્લા ફેર બદલી–૨૦૨૬ માં બદલી ફોર્મ ભરતી વખતે ધ્યાને રાખવાની સુચનાઓ**

શિક્ષકે ઓનલાઇન બદલી પોર્ટલ પર ફોર્મ ભરતાં પહેલા શિક્ષણ વિભાગ દ્વારા તા–૧૧/૦૫/૨૦૨૩ પ્રસિધ્ધ બદલી નિયમો અને ત્યારબાદ તેમાં થયેલ વખતો–વખતના સુધારાઓનો પુરતો અભ્યાસ કરીને જ ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી.

- અરજી કરનાર શિક્ષકશ્રી **શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ –G નિયમ –૪ અને ૯ (બ અને ક) ની જોગવાઈ** મુજબ કપાત પગારી રજાઓ ભોગવેલ હોય તો તે રજાનો સમયગાળો બાદ કરીને ચોખ્ખી ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય તે જ શિક્ષક ઓનલાઈન જિલ્લા ફેર માંગણી બદલીમાં ફોર્મ ભરી શકશે.
- જિલ્લા ફેર ઓનલાઇન બદલી કરાવનાર શિક્ષકનો ઓનલાઇન ઓર્ડર જનરેટ થયા બાદ કોઇપણ સંજોગોમાં તે ઓર્ડર રદ થઇ શકશે નહી (પ્રકરણ–G-૧૩), જેની તમામે ખાસ નોંધ લેવી.

## **શિક્ષકે ઓનલાઇન અરજી કરતા પહેલા તૈયારી રાખવાની વિગતો**

- શિક્ષકશ્રીએ તાજેતરનો પાસપોર્ટ સાઇઝ ફોટો અને સહીનો નુમનો **100 KB,**
- અગ્રતા બદલી માટેના આધારો અગાઉથી **300 KB JPG** માં સ્કેન કરી મોબાઇલ કે કોમ્પ્યુટરમાં સેવ કરવાના રહેશે.
- ઓનલાઇન અરજી કરનાર શિક્ષકે પોતાની શાળાનો ડાયસકોડ, ડાયસ મુજબ શાળાનું નામ, પે સેન્ટર શાળાનો ડાયસકોડ, પે સેન્ટર શાળાના ડાયસ કોડ મુજબ નામ તેમજ શિક્ષકે પોતાનો પાનકાર્ડ નંબર અગાઉથી નોંધી લેવાનો રહેશે.
- શિક્ષકશ્રીએ મળવાપાત્ર સિનિયોરિટીની તારીખ પછી જો બિનપગારી રજાઓ ભોગવેલ હોય તો તેવી રજાઓની ગણતરી કરી નોંધી લેવાની રહેશે(સુચના–જો બિનપગારી રજાઓની માહિતી શિક્ષક દ્વારા ખોટી દર્શાવેલ હશે તે બાબત **TPEO દ્વારા બદલી ફોર્મની ચકાસણી કરતી વખતે ધ્યાને આવશે તો તે શિક્ષકનું ઓનલાઇન બદલી ફોર્મ TPEO દ્વારા અમાન્ય કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો)**
- પોર્ટલ પર સબંધિત જિલ્લાની વિભાગવાર અને વિષયવાર પ્રતિનિયુક્તિ સહિતની બતાવેલી ખાલી જગ્યાઓની માહિતી પૈકી આપ જે જિલ્લામાં અરજી કરવા માગતા હોય તે જિલ્લાની ખાલી જગ્યાઓની માહિતીની પ્રીન્ટ પોર્ટલના હોમ પેજ પરથી ડાઉનલોડ કરી લેવી.

## શિક્ષકે ઓનલાઇન અરજી કરવા માટે રજીસ્ટ્રેશન કેવી રીતે કરવુ

- સૌ પ્રથમ શિક્ષક દ્વારા વેબસાઇટ/વેબપોર્ટલની આપેલ લિંક પર કલીક કરી ઓનલાઇન જિલ્લા ફેર બદલી હોમ પેજ પર જવાનું રહેશે. ત્યારબાદ હોમ પેજ પર આવેલ **Teacher Login** માં જઇ રજીસ્ટ્રેશન માટે લોગીન થવાનું રહેશે.
- ઓનલાઇન જિલ્લા જિલ્લા ફેર બદલી કેમ્પમાં અરજી કરતાં સમયે સૌપ્રથમ તમારા પાનકાર્ડ, ઇમેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેના માટે ટીચર ટ્રાન્સફર પોર્ટલ પર નીચે દર્શાવેલ બટન પર કલીક કરવાનું રહેશે Click Here For New Candidate Registration
- ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે અરજદારે પોતાનું આખું નામ લખવાનું રહેશે. ઇ–મેલ આઇ.ડી., મોબાઇલ નંબર, પાનકાર્ડ નંબર લખવાનો રહેશે.(**સુચના––શિક્ષકે પોતના જ પાનકાર્ડ નંબરનો ઉપયોગ કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, અન્ય વ્યક્તિના પાનકાર્ડ નંબરનો ઉપયોગ કરી રજીસ્ટ્રેશન કરશે તો તે શિક્ષકનું ઓનલાઇન બદલી ફોર્મ TPEO દ્વારા અમાન્ય કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી)**
- તમને યાદ રહે તેવો પાસવર્ડ લખવાનો રહેશે. પાસવર્ડ કન્ફર્મ કરવાનો રહેશે અને કેપ્ચા કોડ લખવાનો રહેશે. રજીસ્ટર બટન પર કલીક કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- રજીસ્ટર બટન પર કલીક કરતાં તમારા મોબાઇલમાં ઓ.ટી.પી. આવશે. સાચો ઓ.ટી.પી. એન્ટર કરી સબમીટ બટન પર કલીક કરતાં તમારું રજીસ્ટ્રેશન થઇ જશે.

## શિક્ષકે ઓનલાઇન પોર્ટલ ફોર્મ ભરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

- અરજદાર શિક્ષકશ્રીએ હોમ પેજ પર **Login With Your Credentials** માં રજીસ્ટ્રેશન વખતે ઉપયોગ કરેલ ઇ–મેલ આઇ.ડી. અને પાસવર્ડથી લોગીન થવાનું રહેશે. કેપ્ચા કોડ એન્ટર કરી લોગીન બટન પર કલીક કરતાં લોગીન થવાશે.
- જો લોગીન ન થવાય તો હોમ પેજ પર સૌથી નીચે **Forgot Password ?** પર કલીક કરતાં તમારો મોબાઇલ નંબર લખતાં પાસર્વડ તમારા મોબાઇલમાં આવી જશે.
- રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં લખેલ નામ, ઇ–મેઇલ આઇ.ડી. અને પાન કાર્ડ નંબર વગેરે વિગતો ઓટોમેટીક અરજી ફોર્મમાં આવી જશે. જેને પછીથી સુધારી શકાશે નહી જેથી આ બધી વિગતો ચોકસાઇ પૂર્વક ભરવાની રહેશે. ફોર્મની બાકીની વિગતો કાળજીપૂર્વક ચકાસી ભરવાની રહેશે.
- સૌ પ્રથમ શાળાનો પ્રકાર પસંદ કરવાનો રહેશે. જેમાં પ્રાથમિક શાળા કે ઉચ્ચતર પ્રાથમિક શાળા બતાવશે, તેમાંથી તમારો સાચો પ્રકાર પસંદ કરવાનો રહેશે.

- ત્યારબાદ જો તમે પ્રાથમિક શાળા પસંદ કરેલ હશે તો બાજુમાં વિષયના ખાનામાં ધો. ૧ થી ૫ ઓટોમેટિક આવી જશે અને જો તમે ઉચ્ચતર પ્રાથમિક શાળા પસંદ કરેલ હશે તો બાજુમાં વિષયના ખાનામાં ભાષા કે ગણિત–વિજ્ઞાન કે સામાજિક વિજ્ઞાન માંથી તમારો વિષય પસંદ કરવાનો રહેશે.
- જાતિ પુરૂષ કે સ્ત્રી પસંદ કરવાની રહેશે.
- શૈક્ષણિક લાયકાતના બોક્ષમાં તમારી શૈક્ષણિક લાયકાત જે હોય તે પસંદ કરવાની રહેશે.
- તાલીમી લાયકાતમાં તમારી તાલીમી લાયકાત જે હોય તે પસંદ કરવાની રહેશે.
- ત્યારબાદ તમારી જન્મ તારીખ લખવાની રહેશે.
- તમારી જે માધ્યમમાં શિક્ષક તરીકે ભરતી થઇ હોય તે જ માધ્યમ પસંદ કરવાનું રહેશે.
- બદલી નિયમોની જોગવાઇઓ મુજબ લાગુ પડતી ખાતામાં દાખલ તારીખ લખવાની રહેશે.
- આપ કયા પ્રકારની બદલી માગો છો જેમાં અગ્રતા અને સિનિયોરીટી એમ બે વિકલ્પ આવશે.
- અગ્રતાના કિસ્સામાં ઠરાવની જોગવાઇ મુજબ (૧)વિધવા /વિધુર (૨)દિવ્યાંગતા (૩) (a) પ્રાથમિક શિક્ષક દંપતિ (b)સરકારી નોકરી કરતા દંપતિ (c)શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી કરતા કર્મચારીના વિદ્યાસહાયક/શિક્ષક દંપતિ (૪) વાલ્મિકી લાભ મળવાપાત્ર થશે.
- ઓનલાઇન પોર્ટલ પર કરેલી અરજીની પ્રિન્ટ બે નકલમાં લઇ સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ અરજી સાથે જરુરી આધાર પુરાવા જોડી નિયત કરેલ સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે. અરજી જમા કરાવ્યા બદલની પહોંચ સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસેથી મેળવી લેવાની રહેશે.
- અરજદાર શિક્ષકશ્રીએ ઓનલાઇન જિલ્લા ફેર બદલીની માગણીમાં પ્રથમ ભાગમાં રજીસ્ટ્રેશન, અરજીફોર્મની વિગતો અને માત્ર જિલ્લા/નગરની પસંદગી કરવાની રહેશે. ત્યાર બાદ પોર્ટલ પર તૈયાર થયેલ ઓનલાઇન યાદીમાં જો આપનો સમાવેશ થયેલ હશે તો બીજા ભાગમાં શાળાઓની પસંદગી કરવાની રહેશે.
- પોર્ટલ પર સમગ્ર અરજી ફોર્મની વિગતો અંગ્રેજીમાં ભરવાની થતી હોઇ જ્યારે જો ખાતામાં દાખલ તારીખ સમાન હોય તો જન્મ તારીખ ધ્યાને લેવાની રહેશે. જો તે પણ સમાન હોય તો અંગ્રેજી આલ્ફાબેટ પ્રમાણે નામ (સેવાપોથી મુજબ) ધ્યાને લઇ સિનિયોરીટી ગણવાની થશે.

**શિક્ષકે ઓનલાઇન પોર્ટલ પર અરજી કરતી વખતે પસંદ કરેલ બદલીના પ્રકાર મુજબ અપલોડ કરવાના દસ્તાવેજો(દસ્તાવેજો અપલોડ થતાં પ્રિવ્યુ ગ્રીન કલરનું બતાવશે)**

1. Photo સ્કેન કરીને JPG/JPEG/PNG ફોરમેટ માં અપલોડ કરવો Photo નું માપ ૫ સે.મી લંબાઈ અને ૩.૬ પહોળાઇ
2. Signature ની Size 100 KB થી વધારે નહી અને Signature નું માપ ૨.૫ સે.મી લંબાઈ અને ૭.૫ પહોળાઇનું હોવું જોઈએ.
3. વિધવા/વિધુરના કિસ્સામાં, દિવ્યાંગતાના કિસ્સામાં, પ્રાથમિક શિક્ષક દંપતિ, સરકારી નોકરી કરતા દંપતિ ,શૈક્ષણિક અનુદાનિત સંસ્થામાં નોકરી કરતા કર્મચારીના વિદ્યાસહાયક/શિક્ષક પતિ/પત્ની તથા વાલ્મિકીના કિસ્સામાં કોઇ પણ પ્રકારની બદલીમાં અગ્રતાનો લાભ લીધેલ નથી તે મતલબનું સ્વ ઘોષણા ફોર્મ રજુ કરવાનું રહેશે.
4. વિધવા/વિધુરના કિસ્સામાં પુનઃ લગ્ન કરેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર, પતિ/પત્નીના મૃત્યુનો દાખલો અને વિધવા હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર, વિધુરના કિસ્સામાં સ્વઘોષણા પત્ર
5. દિવ્યાંગતાના કિસ્સામાં ૪૦ % કે તેથી વધારે દિવ્યાગતા હોવા અંગેનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર
6. દંપતિ માટે લગ્ન નોંધણી રજિસ્ટ્રારશ્રીનું પ્રમાણપત્ર,
7. વાલ્મિકી માટે વાલ્મિકી હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર 300 KB માં અપલોડ કરવાનું રહેશે.
8. શિક્ષક સામે કોઈ ખાતાકીય તપાસ ચાલુ /સૂચિત કે પડતર નથી તેમજ સરકારી લેણુ બાકી નથી તે મતલબનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ આપેલ પ્રમાણપત્ર
9. પોલીસ કેસ કે ફોજદારી અદાલતી કાર્યવાહી ચાલતી નથી તે મતલબનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ આપેલ પ્રમાણપત્ર
10. છેલ્લા ત્રણ વર્ષના ખાનગી અહેવાલ

## શિક્ષકે ઓનલાઈન પોર્ટ્લ પર બદલી માટે શાળા પસંદગી કરવા માટે કરવાની કરવાની કામગીરી

- રજીસ્ટ્રેશન વખતે ઉપયોગ કરેલ ઈ–મેલ આઈ.ડી અને પાસવર્ડથી લોગીન થવાશે. કેપ્ચા કોડ એન્ટર કરી લોગીન બટન પર કલીક કરતાં લોગીન થવાશે.
- લોગીન થયા બાદ Teacher Details ની વિગતો ભરતા નીચે આપેલ સેવ અને નેકસ્ટ બટન પર કલીક કરતાં તમારી Teacher Details મેનુની માહિતી સેવ થઇ જશે. આ માહિતી ભરતી વખતે આપ જે જિલ્લા/નગરમાં બદલી કરાવવા માગો છો તેની કાળજી પૂર્વક પસંદગી કરવાની રહેશે.

- Teacher Details ની વિગતો ભરી સેવ અને નેકસ્ટ બટન પર કલીક કરતાં સિનિયોરીટી/અગ્રતા બદલી માટે જરૂરી આધારો અપલોડ કરવા માટેનું પેજ ઓપન થશે. જેના જરૂરી આધારો અપલોડ કર્યા બાદ સેવ અને નેકસ્ટ બટન પર કલીક કરતાં આપે ભરેલ એપ્લિકેશનની વિગતો એપ્લિકેશન પ્રિવ્યુંમાં જોવા મળી શક્શે. જેમાં આપે ભરેલ વિગતો જોઇ શકાશે.
- ત્યાર બાદ એપ્લિકેશન પ્રિવ્યું નીચે મે Application Preview પર મારા દ્વારા ફોર્મમાં ભરેલી વિગતો ચેક કરી તેમાં કરવાના થતા જરૂરી સુધારાઓ કરી હું Final Submit કરું છું એકવાર Final Submit કર્યા પછી ફોર્મ સુધારા કરી શકતા નથી તેની મને જાણકારી છે.તેના પર કલીક કર્યા બાદ ફાઇનલ સબમીટ બટન આપેલ છે જેના પર કલીક કરતાં તમારા અરજી ફોર્મની વિગતોમાં ત્યારબાદ કોઇ ફેરફાર કરી શકાશે નહી.

# ઓન લાઈન  અરજી ફૉર્મ  સાથે જોડવાના આધારો.

## ➢ સિનિયોરિટી બદલી

- ઓનલાઇન અરજી કરેલ બદલી ફોર્મ (વંચાય તેવી નકલ )
- પાનકાર્ડ
- એલ. સી / સેવાપોથીનું પ્રથમ પેજ (જન્મ તારીખના આધાર માટે)
- કપાત રજાનો દાખલો
- નિમણૂક હુકમ અને હાજર રિપોર્ટ (ખાતામાં દાખલ તારીખના આધાર માટે)
- બદલી થયેલ છેલ્લી શાળાનો હુકમ અને હાજર રિપોર્ટ (હાલની શાળાના આધાર માટે)
- છેલ્લા ત્રણ વર્ષના ખાનગી અહેવાલ
- ખાતાકીય તપાસ / પોલીસ કેસ ચાલુ નથી તે અંગેનું પ્રમાણપત્ર

## ➢ વિધવા/વિધુર અગ્રતા બદલી

- ઓનલાઇન અરજી કરેલ બદલી ફોર્મ (વંચાય તેવી નકલ )
- પાનકાર્ડ
- એલ. સી / સેવાપોથીનું પ્રથમ પેજ (જન્મ તારીખના આધાર માટે)
- કપાત રજાનો દાખલો
- નિમણૂક હુકમ અને હાજર રિપોર્ટ (ખાતામાં દાખલ તારીખના આધાર માટે)
- બદલી થયેલ છેલ્લી શાળાનો હુકમ અને હાજર રિપોર્ટ (હાલની શાળાના આધાર માટે)
- છેલ્લા ત્રણ વર્ષના ખાનગી અહેવાલ
- ખાતાકીય તપાસ / પોલીસ કેસ ચાલુ નથી તે અંગેનું પ્રમાણપત્ર
- પતિ / પત્નીના મરણનો દાખલો
- વિધવા હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો વિધુરના કિસ્સામાં સ્વઘોષણા પત્ર
- ભરતી / નિમણુંકમાં વિધવા /વિધુર અગ્રતાનો લાભ લીધેલ નથી તે અંગેનું સ્વઘોષણા પત્ર
- પુનઃલગ્ન ન કર્યા અંગેનો સ્વઘોષણા પત્ર

## ➢ દંપતી અગ્રતા બદલી

- ઓનલાઇન અરજી કરેલ બદલી ફોર્મ (વંચાય તેવી નકલ )
- પાનકાર્ડ
- એલ. સી / સેવાપોથીનું પ્રથમ પેજ (જન્મ તારીખના આધાર માટે)
- કપાત રજાનો દાખલો

- નિમણૂક હુકમ અને હાજર રિપોર્ટ (ખાતામાં દાખલ તારીખના આધાર માટે)
- બદલી થયેલ છેલ્લી શાળાનો હુકમ અને હાજર રિપોર્ટ (હાલની શાળાના આધાર માટે)
- છેલ્લા ત્રણ વર્ષના ખાનગી અહેવાલ
- ખાતાકીય તપાસ / પોલીસ કેસ ચાલુ નથી તે અંગેનું પ્રમાણપત્ર
- પતિ/ પત્નીનો લગ્ન નોંધણીનો દાખલો
- પરીશિષ્ટ – ૧ મુખ્યશિક્ષક/સક્ષમ અધિકારીની સહી વાળું પ્રમાણપત્ર
- સરકારી / અનુદાનિત દંપતીના કિસ્સામાં પતિ/પત્નીનો નિમણૂક હુકમ, પૂરા પગારનો હુકમ
- કોઈ પણ પ્રકારની અગ્રતાનો લાભ લીધેલ નથી તે અંગેનું સ્વઘોષણા પત્ર

➢ **દિવ્યાંગ અગ્રતા બદલી**

- ઓનલાઇન અરજી કરેલ બદલી ફોર્મ (વંચાય તેવી નકલ )
- પાનકાર્ડ
- એલ. સી / સેવાપોથીનું પ્રથમ પેજ (જન્મ તારીખના આધાર માટે)
- કપાત રજાનો દાખલો
- નિમણૂક હુકમ અને હાજર રિપોર્ટ (ખાતામાં દાખલ તારીખના આધાર માટે)
- બદલી થયેલ છેલ્લી શાળાનો હુકમ અને હાજર રિપોર્ટ (હાલની શાળાના આધાર માટે)
- છેલ્લા ત્રણ વર્ષના ખાનગી અહેવાલ
- ખાતાકીય તપાસ / પોલીસ કેસ ચાલુ નથી તે અંગેનું પ્રમાણપત્ર
- કોઈ પણ પ્રકારની અગ્રતાનો લાભ લીધેલ નથી તે અંગેનું સ્વઘોષણા પત્ર
- નિમણુંકમાં જિલ્લા/સ્થળ પસંદગીમાં અપંગ અગ્રતાનો લાભ લીધેલ નથી તે અંગેનું સ્વઘોષણા પત્ર
- સિવિલ સર્જનનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર

➢ **વાલ્મીકિ અગ્રતા બદલી**

- ઓનલાઇન અરજી કરેલ બદલી ફોર્મ (વંચાય તેવી નકલ )
- પાનકાર્ડ
- એલ. સી / સેવાપોથીનું પ્રથમ પેજ (જન્મ તારીખના આધાર માટે)
- કપાત રજાનો દાખલો
- નિમણૂક હુકમ અને હાજર રિપોર્ટ (ખાતામાં દાખલ તારીખના આધાર માટે)

- બદલી થયેલ છેલ્લી શાળાનો હુકમ અને હાજર રિપોર્ટ (હાલની શાળાના આધાર માટે)
- છેલ્લા ત્રણ વર્ષના ખાનગી અહેવાલ
- ખાતાકીય તપાસ / પોલીસ કેસ ચાલુ નથી તે અંગેનું પ્રમાણપત્ર
- કોઈ પણ પ્રકારની અગ્રતાનો લાભ લીધેલ નથી તે અંગેનું સ્વઘોષણા પત્ર
- નિમણુંકમાં જિલ્લા/સ્થળ પસંદગીમાં વાલ્મીકિ અગ્રતાનો લાભ લીધેલ નથી તે અંગેનું સ્વઘોષણા પત્ર
- સક્ષમ અધિકારીનું જાતિનું પ્રમાણપત્ર